# ચરોતરમિત્ર

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩




### આણંદ શહેરમાં ભારે વાહનો પર પ્રતિબંધ છતાં આડેધડ દોડતા ડમ્પરે વધુ એક અકસ્માત સર્જ્યો

# આણંદમાં ડમ્પર ટક્કરે પુત્રીની નજર સામે પિતાનું મોત

**આણંદમાં પૂરઝડપે** આવતા ડમ્પરે પિતાની છત્રછાયા છીનવી, ચાર વરસનો માસુમ પણ ઘવાયો

(પ્રતિનિધિ) આણંદ તા.૩

આણંદના ભાલેજ રોડ પર બુધવાર બપોરે એક હૃદયદ્રાવક અકસ્માત સર્જાયો હતો. પિતા સાથે બજારમાં ખરીદી કરી ખુશી-ખુશી ઘરે પરત ફરી રહેલી પુત્રીની નજર સામે જ કાળ બનીને આવેલા ડમ્પરે પિતાને કચડી નાખ્યા હતા. આ ગમખ્વાર અકસ્માતમાં પિતાનું કરૂણ મોત નીપજ્યું હતું, જ્યારે તેમની સાથે રહેલા ૪ વર્ષના માસૂમ પૌત્રને ગંભીર ઈજાઓ પહોંચી હતી. આ ઘટનાથી આસપાસના લોકો દોડી આવ્યાં હતાં અને ભારે રોષ વ્યક્ત કર્યો હતો.

આણંદના હાફીસ કોમ્પ્લેક્સમાં રહેતા અને મહારાષ્ટ્ર સ્થાયી થયેલા સુમૈયાબેન શેખ તેમના પિતા મોહમ્મદઈદ્રીશ શેખ સાથે એવિએટર પર સવાર થઈ ગુજરાતી ચોક વિસ્તારમાં ઘરવખરીની ખરીદી કરવા ગયા હતા. પિતા-પુત્રી વાતો કરતા અને ઘરના પ્રસંગોની ચર્ચા કરતા પરત ફરી રહ્યા હતા, ત્યારે તેમને ખ્યાલ પણ નહોતો કે કોઈ અજાણ્યો ડમ્પર ચાલક તેમની ખુશીઓનો અંત લાવવા પાછળ આવી રહ્યો છે. બપોરે ૧૨:૧૫ વાગ્યાની આસપાસ ભાલેજ રોડ પર સબીના કોમ્પ્લેક્ષ નજીક પાછળથી



પૂરઝડપે આવતા ડમ્પર (નંબર GJ-23-AW-8433) ના ચાલકે એવિએટરને જોરદાર ટક્કર મારી હતી. આ ટક્કર લાગતા જ સુમૈયાબેન, તેમના પિતા અને ૪ વર્ષનો ભત્રીજો અહમદ રોડ પર પટકાયાં હતાં.

આ ઘટનામાં ડમ્પરનું તોતિંગ ટાયર પિતા મોહમ્મદઈદ્રીશ પર ફરી વળતા તેમનો જમણો હાથ કપાઈ ગયો હતો અને પેટ તેમજ પગના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી. આ ઘટનામાં પિતાને પોતાની નજર સામે જ લોહીલુહાણ હાલતમાં અને જીવન-મરણ વચ્ચે ઝોલા ખાતા





જોઈ દીકરી સુમૈયાબેન ચીસ પાડી ઉઠ્યા હતા. આસપાસના લોકોએ તાત્કાલિક ૧૦૮ બોલાવી તેમને હોસ્પિટલ ખસેડ્યા હતા, પરંતુ ડોક્ટરોએ તેમને મૃત જાહેર કરતા પરિવાર પર આભ તૂટી પડ્યું હતું. આ અકસ્માતમાં માસૂમ અહમદને પણ હાથના ભાગે ફ્રેક્ચર થયું છે. આણંદ ટાઉન પોલીસે આ મામલે ડમ્પર ચાલક વિરુદ્ધ ગુનો નોંધી તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

આ અકસ્માતથી ઈસ્માઈલનગર વિસ્તારમાં રહેતા લોકોમાં ભારે રોષની લાગણી જન્મી હતી. આણંદમાં ડમ્પર સંબંધિત અકસ્માતોનો સિલસિલો અટકવાનું નામ નથી લઈ રહ્યો. છેલ્લા એક જ મહિનામાં આ બીજી ગંભીર ઘટના છે. આ અગાઉ શહેરના સો ફૂટ રોડ પર એક ડમ્પરે મહિલાને કચડી નાખતા તેમનું કરુણ મોત નીપજ્યું હતું. સતત બની રહેલી આવી દુર્ઘટનાઓને કારણે હવે સામાન્ય નાગરિકો રસ્તા પર નીકળતા પણ ડરી રહ્યા છે.

#### તંત્રની નિષ્ક્રિયતા સામે જનતાનો બુલંદ અવાજ

આણંદ શહેરમાં બેફામ દોડતા ડમ્પરોને રોકવામાં પોલીસ અને ટ્રાફિક તંત્ર સદંતર નિષ્ફળ ગયું હોવાનો આક્ષેપ લોકો કરી રહ્યા છે. વારંવાર બનતી ઘટનાઓને પગલે શહેરજનોમાં ભારે રોષ અને ભયનો માહોલ છે. નાગરિકોની સ્પષ્ટ માંગ છે કે, શહેરમાં ભારે વાહનોના પ્રવેશ અને ગતિ પર કડક નિયંત્રણ લાદવામાં આવે. ટ્રાફિક નિયમોનું ઉલ્લંઘન કરતા ડમ્પર ચાલકો સામે ફોજદારી કાર્યવાહી કરવામાં આવે. આ ઉપરાંત પીક અવર્સ દરમિયાન ડમ્પરોની અવરજવર પર પ્રતિબંધ મૂકવામાં આવે.

---

### ‘લવ જેહાદ’નો પર્દાફાશ | યુપીના નાઝીમ અન્સારીએ ‘રાજુ ઠાકોર’ બની પંચરની દુકાનની આડમાં બે સંતાનની માતાને ભગાડી

# કઠલાલમાં પરપ્રાંતિય શખસે પરિણીતાને ફસાવી

**કઠલાલ પોલીસે** ગણતરીના કલાકોમાં નાઝીમ અન્સારીએ દબોચી લીધો

(પ્રતિનિધિ) નડિયાદ તા.૩

ખેડા જિલ્લાના કઠલાલ પંથકમાં ધાર્મિક ઓળખ છુપાવીને એક પરિણીત મહિલાને પ્રેમજાળમાં ફસાવી ભગાડી જવાની ઘટનાએ સમગ્ર પંથકમાં ચકચાર જગાવી છે. પોતાનું અસલી નામ છુપાવી ‘રાજુ ઠાકોર’ તરીકે ઓળખ આપનાર ઉત્તર પ્રદેશના નાઝીમ અન્સારીએ બે બાળકોની માતાને હિન્દુ વિધિથી લગ્ન કરવાની લાલચ આપી હતી. જોકે, કઠલાલ પોલીસે ત્વરિત કાર્યવાહી કરી ગણતરીના કલાકોમાં આરોપીને ઝડપી પાડી કાર્યવાહી હાથ ધરી છે.

મળતી માહિતી મુજબ, ઉત્તર પ્રદેશનો મૂળ રહીશ નાઝીમ અન્સારી છેલ્લા બે વર્ષથી કઠલાલ નજીક અમદાવાદ-ઈન્દોર હાઈવે પર આવેલી રાજ શક્તિ હોટલ પાસે પંચરની દુકાન ચલાવતો હતો. તેણે સ્થાનિક લોકો સમક્ષ પોતાની ઓળખ ‘રાજ ઉર્ફે રાજુ ઠાકોર’ તરીકે પ્રસ્થાપિત કરી હતી. આ ખોટી ઓળખનો ગેરલાભ ઉઠાવી તેણે સ્થાનિક ગામની એક પરિણીત મહિલાનો સંપર્ક સાધ્યો અને તેને પોતાની વાતોમાં ભોળવી લીધી હતી. તેને પરિણીતાને હિન્દુ ધર્મની પરંપરા મુજબ લગ્ન કરવાના સપના બતાવી વિશ્વાસમાં લીધી હતી.

ગત રોજ મહિલા અચાનક ગુમ થતા પરિવારજનોએ શોધખોળ કરી હતી, પરંતુ કોઈ પત્તો ન મળતા કઠલાલ



પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી. જેની તપાસ દરમિયાન પંચરની દુકાન ચલાવતા આ શખ્સની સંડોવણી હોવાનું બહાર આવતા પોલીસે તેને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા.

ખેડા જિલ્લામાં ઓળખ છુપાવીને મહિલાઓને ભોળવવાના કિસ્સાઓ વધતા ગ્રામજનો અને વિવિધ સંગઠનોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. સ્થાનિકોએ આવા તત્વો સામે દાખલારૂપ અને કડક કાર્યવાહી કરવાની માંગણી કરી છે. વારંવાર બનતી આવી ઘટનાઓ વહીવટીતંત્ર માટે પણ ચિંતાનો વિષય બની છે.

ઉલ્લેખનીય છે કે, ચરોતરમાં છેલ્લા કેટલાક સમયથી લવ જેહાદના કિસ્સા વધી રહ્યાં છે. ખાસ કરીને તાલુકા કક્ષા અને ગ્રામ્ય કક્ષાએ આ બદી વિશેષ ફુલી ફાલી રહી છે. આ અંગે લોક જાગૃતિ માટે વિવિધ સમાજ દ્વારા કાર્યક્રમ યોજવામાં આવે છે. આમ છતાં યેનકેન પ્રકારે પરિણીતા અને યુવતીને ફસાવવામાં સફળ થાય છે.

#### મોટું સંગઠન કામ કરે છે કે કેમ ? તે દિશામાં તપાસ

કપડવંજના ડીવાયએસપી વિક્રમ સોલંકી દ્વારા આ કેસમાં વિશેષ રસ લઈને તપાસના આદેશો આપવામાં આવ્યા છે. આ ઘટના પાછળ કોઈ મોટું સંગઠિત રેકેટ કામ કરી રહ્યું છે કે કેમ અને અન્ય કયા ચહેરાઓ આમાં સંડોવાયેલા છે, તે દિશામાં પોલીસ હાલ સઘન પૂછપરછ કરી રહી છે. પોલીસના મતે આ મામલો માત્ર એકલદોકલ ઘટના ન પણ હોય શકે.

#### આ રીતે પોલીસને મળી સફળતા

આરોપી અને મહિલા નાસી છૂટ્યા બાદ તેમનું લોકેશન ટ્રેસ કરવું પોલીસ માટે પડકારરૂપ હતું. જોકે, કઠલાલ પોલીસે તાત્કાલિક અલગ-અલગ ટીમો બનાવી ટેકનિકલ સોર્સ અને હ્યુમન ઇન્ટેલિજન્સનો મહત્તમ ઉપયોગ કર્યો હતો. પરિણામે, પોલીસે ટૂંકા ગાળામાં જ આરોપી નાઝીમ અન્સારીને કસ્ટડીમાં લઈ મહિલાને શોધી કાઢી હતી.

---

### લુણાવાડામાં લગ્નના માત્ર ચાર દિવસ બાદ દુલ્હન રફુચક્કર

# લગ્નના નામે ખેડૂત પરિવારને ₹૫.૨૭ લાખનો ચૂનો લગાવ્યો

**વડોદરાની ટોળકી** મકાન ખાલી કરી ફરાર

(પ્રતિનિધિ) લુણાવાડા તા.3

મહિસાગર જિલ્લાના કોઠંબા પોલીસ મથક હેઠળના ખારોલ ગામે લગ્નના નામે મોટી છેતરપિંડીની ચોંકાવનારી ઘટના સામે આવી છે. પુત્રના લગ્ન કરાવી આપવાના બહાને વડોદરા અને આણંદની એક ટોળકીએ ખેડૂત પરિવાર સાથે વિશ્વાસઘાત કરી, ખોટી લગ્નવિધિ રચીને કુલ રૂ. 5.27 લાખની મતા પડાવી લીધી છે.

ખારોલ ગામના સુરેશભાઈ પટેલના પુત્ર વિરાટના લગ્ન માટે આણંદના અડાસ ગામના મધ્યસ્થી નટુભાઈ ગોહિલનો સંપર્ક કરવામાં આવ્યો હતો. નટુભાઈએ વડોદરાના કરોડીયા ખાતે રહેતા સુરેશભાઈ ગજેરાની દીકરી રેશ્મા સાથે મુલાકાત કરાવી હતી. ગત 14મી મે, 2026 ના રોજ ગામના મંદિરમાં ફૂલહાર કરીને આ લગ્ન લેવાયા હતા. લગ્ન નક્કી કરવા અને દાગીનાના બહાને આરોપીઓએ ફરિયાદી પાસેથી રૂ. 2 લાખ રોકડા અને સોના-ચાંદીના દાગીના મળી કુલ રૂ. 5.27 લાખ મેળવી લીધા હતા.

આ લગ્નના માત્ર ચાર દિવસ બાદ, રેશ્મા પિયરમાં લગ્નનું બહાનું ધરીને વડોદરા જતી રહી હતી. ગત 5મી મે, 2026 ના રોજ જ્યારે ફરિયાદી પરિવાર પુત્રવધૂને લેવા વડોદરા પહોંચ્યો, ત્યારે આરોપીઓ મકાન ખાલી કરીને ભાગી ગયા હોવાનું માલૂમ પડ્યું હતું. મધ્યસ્થી નટુભાઈએ પણ પોતાનો ફોન અને ઘર બદલી નાખ્યા હતા.

આ છેતરપિંડી મામલે સુરેશભાઈ પટેલે કોઠંબા પોલીસ મથકે નટુભાઈ ગોહીલ, સુરેશભાઈ ગજેરા, વિલાશબેન ગજેરા અને રેશ્માબેન ગજેરા વિરુદ્ધ ફરિયાદ આપતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. મહિસાગર જિલ્લામાં લુટેરી દુલ્હનના વધી રહેલા કિસ્સાથી સમાજમાં ચિંતાની લાગણી પ્રસરી છે. ગ્રામ્ય વિસ્તારમાં લગ્ન વાંચ્છુક યુવાનોને આ મોડસ ઓપરેન્ડીથી ફસાવવામાં આવી રહ્યાં છે.

---

# અડાસ પાસે કારની ટક્કરે યુવકનું કરુણ કરુણ મોત

**યુવકે જીવ ગુમાવતા** બે બાળકોએ પિતાની છત્રછાયા ગુમાવી

(પ્રતિનિધિ) આણંદ તા.૩

આણંદ તાલુકાના અડાસ ગામ પાસે આવેલા નેશનલ હાઈવે નંબર ૪૮ પર ગત સાંજે એક ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. ગોહેલનગર પાટિયા પાસે રોડ ક્રોસ કરી રહેલા એક રાહદારી યુવકને પૂરઝડપે આવી રહેલી ટાટા અલ્ટ્રોઝ કારના ચાલકે જોરદાર ટક્કર મારતા યુવકનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નીપજ્યું છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, અડાસના ગોહેલનગર વિસ્તારમાં રહેતા ૩૨ વર્ષીય વિજયભાઈ જેણાભાઈ પરમાર છેલ્લા દસ વર્ષથી નંદેશરીની એક ખાનગી કંપનીમાં નોકરી કરતા હતા. ગત ૨મી જૂનના રોજ સાંજે તેઓ વડોદરા-આણંદ નેશનલ હાઈવે ક્રોસ કરી રહ્યા હતા, ત્યારે જી.જે. ૦૬ પી.એમ. ૬૯૧૨ નંબરની ટાટા અલ્ટ્રોઝ કારના ચાલકે તેમને અડફેટે લીધા હતા. માથાના ભાગે ગંભીર ઈજાઓ થવાને કારણે પુષ્કળ લોહી વહી જતાં વિજયભાઈનું સ્થળ પર જ મોત થયું હતું. મૃતકને સંતાનમાં બે નાના બાળકો છે.

આ અકસ્માત સર્જ્યા બાદ કાર ચાલક પોતાનું વાહન લઈને નાસી છૂટ્યો હતો. હાઈવે પેટ્રોલિંગની એમ્બ્યુલન્સ મારફતે મૃતદેહને પીએમ અર્થે વાસદ સરકારી હોસ્પિટલ ખસેડાયો હતો. વાસદ પોલીસે રમેશભાઈ બુધાભાઈ પરમારની ફરિયાદને આધારે ફરાર કાર ચાલક વિરુદ્ધ ગુનો નોંધી તેની શોધખોળ હાથ ધરી છે. અડાસ પાસે અકસ્માતનું પ્રમાણ વધ્યું છે. હજુ ગયા સપ્તાહે કાર ટક્કરે 3ના મોત થયાં હતાં.

---

### ચરોતરમાં આકાશ વાદળછાયું રહેશે અને પવનની ગતિ ૨૪ કિલોમીટર સુધી પહોંચી શકે છે

# આણંદ જિલ્લામાં પાંચમી જૂન સુધી હળવા વરસાદની શક્યતા

**ખેડૂતોને લણણી કરેલ** પાક સુરક્ષિત રાખવા સૂચના

(પ્રતિનિધિ) આણંદ તા.૩

ભારત મૌસમ વિભાગ અને આણંદ કૃષિ યુનિવર્સિટી દ્વારા જાહેર કરવામાં આવેલી હવામાન આગાહી મુજબ, આણંદ જિલ્લામાં આગામી પાંચ દિવસ દરમિયાન આકાશ અંશતઃ વાદળછાયુંથી મુખ્યત્વે વાદળછાયું રહેવાની સંભાવના છે. ખાસ કરીને ૫મી જૂન સુધી જિલ્લાના છૂટાછવાયા સ્થળોએ હળવાથી મધ્યમ વરસાદ પડી શકે છે, જેને ધ્યાનમાં રાખીને ખેતી અને પશુપાલન ક્ષેત્રે ખાસ સાવચેતી રાખવા કૃષિ વૈજ્ઞાનિકો દ્વારા સલાહ આપવામાં આવી છે.

ખેડૂતો માટે અગત્યની સૂચના આગામી દિવસોમાં વરસાદની સંભાવના હોવાથી લણણી કરેલ પાક-પેદાશોને તુરંત સુરક્ષિત સ્થળે ખસેડવા અથવા તાડપત્રી કે પ્લાસ્ટિકથી ઢાંકી દેવા જણાવાયું છે. ઉનાળુ ડાંગર અને બાજરી જેવા પાકોની લણણી બાકી હોય તો તે ખુલ્લા હવામાન દરમિયાન પૂર્ણ કરવી અથવા હાલ ટાળવી. બાગાયતી પાકો જેવા કે કેળ, મરચી અને ટામેટીમાં ફળ ઉતારવાની કામગીરી વહેલી તકે પૂર્ણ કરી વેચાણ અર્થે મૂકવી. વધુ ઝડપી પવનથી રક્ષણ મેળવવા કેળ અને શાકભાજીના છોડને લાકડા કે વાંસનો ટેકો આપવો જરૂરી છે.

આણંદ જિલ્લામાં ૦૭મી જૂન સુધીમાં મહત્તમ તાપમાન ૩૫થી ૩૯ ડીગ્રી અને લઘુતમ ૧૯ થી ૨૨ ડીગ્રી સે. અને ભેજનું પ્રમાણ ૩૫ થી ૮૦ ટકા રહેશે. આ ઉપરાંત પવનની ગતિ પણ ૧૪થી ૨૪ કિમી/કલાક (દક્ષિણ-પશ્ચિમ દિશા) રહેવાનો વર્તારો કરવામાં આવ્યો છે.

#### ખેડૂતોને ચોમાસુ પાકોનું આયોજન કરવા ભલામણ

આગામી ચોમાસા માટે ખેડૂતોએ અત્યારથી જ ખેત આયોજન કરી સુધારેલ અને હાઈબ્રીડ જાતોનું બિયારણ, ખાતર અને દવા મેળવી લેવા જોઈએ. ડાંગર માટે જીઆર-૫, ૮, ૯, મહીસાગર અને નર્મદા જેવી જાતોની ભલામણ કરવામાં આવી છે. જ્યારે મગ (ગુજરાત મગ-૪, ૫), અડદ (ગુજરાત અડદ-૧, ૨, ટી-૯) અને તુવેરની સુધારેલી જાતો પસંદ કરવા જણાવાયું છે.

#### પશુપાલન અને પ્રકૃતિ ખેતી

વીજળી અને મેઘગર્જના સાથે વરસાદની સંભાવના હોવાથી પશુઓને શેડમાં સુરક્ષિત રીતે બાંધવા અને ચોમાસાની શરૂઆતમાં ગળસુંઢો અને ખરવા-મોવાસા જેવી રસીઓ મુકાવી લેવી. પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતોએ ફળમાખીના નિયંત્રણ માટે નુકસાનગ્રસ્ત કેરીઓ વીણીને ઊંડા ખાડામાં દાટી દેવી જોઈએ.

---

# ધર્મજ પાસે કાર ચાલકની બેદરકારીથી માસૂમનું મોત

(પ્રતિનિધિ) પેટલાદ તા.૩

પેટલાદ પાસેથી પસાર થતાં બોરસદ-તારાપુર હાઈવે પર ધર્મજ ચોકડી બ્રિજ પાસે સર્જાયેલા એક કરુણ અકસ્માતમાં ૧૭ માસના નિર્દોષ બાળકનું કમકમાટીભર્યું મોત નીપજ્યું છે. આંકલાવથી ઈદનો તહેવાર મનાવી પોતાના ઘરે તારાપુર પરત ફરી રહેલા એક પરિવારની રિક્ષાને અજાણી કાર ચાલકે ગફલતભરી રીતે ઓવરટેક કરી, કોઈપણ સિગ્નલ આપ્યા વિના અચાનક બ્રેક મારી દેતા આ ગંભીર અકસ્માત સર્જાયો હતો.

પ્રાપ્ત વિગતો અનુસાર, તારાપુરની ફાતીમા સોસાયટીમાં રહેતા સાહિદશા ઈનાયતશા દિવાન (ઉં.વ. ૩૨) ગત ૩૦મી મે, ૨૦૨૬ના રોજ રાત્રે આશરે પોણા આઠ વાગ્યાના સુમારે પોતાની રિક્ષામાં પત્ની અને બે બાળકો સાથે પસાર થઈ રહ્યા હતા. આ દરમિયાન એક પૂરઝડપે આવેલી સફેદ રંગની કારે રિક્ષાની આગળ આવીને અચાનક બ્રેક મારી દીધી હતી. આથી સાહિદશાની રિક્ષા ધડાકાભેર કારના પાછળના ભાગે અથડાઈ ગઈ હતી.

આ અકસ્માત એટલો જોરદાર હતો કે રિક્ષાની લોખંડની ફ્રેમ ચાલક સાહિદશાની છાતીમાં દબાઈ ગઈ હતી અને પાછળ બેઠેલા તેમના પત્ની પરવિનાબાનુને પણ શરીરે ગંભીર ઈજાઓ પહોંચી હતી. તેમના નાના દીકરા અલીશાને માથાના ભાગે ગંભીર ઈજા થતાં તેને તાત્કાલિક પેટલાદ સરકારી દવાખાને ખસેડવામાં આવ્યો હતો, જ્યાં ફરજ પરના તબીબે તેને મૃત જાહેર કર્યો હતો. હાલ ઈજાગ્રસ્ત દંપતી સારવાર હેઠળ છે. સમગ્ર મામલે પેટલાદ રૂરલ પોલીસે ફરાર થઈ ગયેલા અજાણ્યા કાર ચાલક વિરૂદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

---

# લુણાવાડામાં ઘર ભૂલેલા વૃદ્ધાનું પરિવાર સાથે સુખદ મિલન કરાવ્યું

**રાત્રિના સમયે ૧૮૧** અભયમ હેલ્પલાઈન દ્વારા સખી વન સ્ટોપ સેન્ટરમાં મુકી ગયા હતા

(પ્રતિનિધિ) લુણાવાડા તા.૩

મહીસાગર જિલ્લામાં મુશ્કેલીમાં મુકાયેલી મહિલાઓ માટે આશીર્વાદરૂપ બનેલા ‘સખી વન સ્ટોપ સેન્ટર’ દ્વારા વધુ એક વખત પ્રસંશનીય અને માનવતાવાદી કાર્ય કરવામાં આવ્યું છે. ઘરથી ભૂલા પડેલા એક માનસિક અસ્વસ્થ વૃદ્ધાને શોધી કાઢીને સખી સેન્ટરના સ્ટાફ દ્વારા ગણતરીના કલાકોમાં જ તેમના પરિવાર સાથે પુનઃ મિલન કરાવવામાં આવ્યું છે.

લુણાવાડા સ્થિત સખી વન સ્ટોપ સેન્ટર ખાતે રાત્રિના સમયે ૧૮૧ અભયમ હેલ્પલાઈન દ્વારા એક અસહાય અને માનસિક રીતે અસ્વસ્થ વૃદ્ધાને આશ્રય માટે સેન્ટર પર લાવવામાં આવ્યાં હતાં. જોકે, શરૂઆતમાં દાદી માત્ર ‘ઘરે જવું છે’ તેમ જ કહેતા હતા, પરંતુ સેન્ટરના કાઉન્સિલરે ધીરજપૂર્વક કાઉન્સેલિંગ કરતા વૃદ્ધાએ પોતાનું ગામ ‘ખારોલ’ હોવાનું જણાવ્યું હતું. આ વિગતના આધારે સેન્ટરના સ્ટાફે તાત્કાલિક ખારોલ ગામના સરપંચનો સંપર્ક સાધ્યો હતો.

ખારોલ ગામે પહોંચી મધરાતે સરપંચ સાથેની વાતચીતમાં જાણવા મળ્યું કે વૃદ્ધા લુણાવાડા તાલુકાના ખારોલ ગામના ‘દાદા ફળિયા’ વિસ્તારના વતની છે. સરનામું મળતા જ સખી સેન્ટરનો સ્ટાફ મોડી રાત્રે જ વૃદ્ધાને સુરક્ષિત રીતે તેમના ઘરે મૂકવા પહોંચી ગયો હતો. તેમના દીકરા અને પુત્રવધૂની મુલાકાત કરી તમામ કાયદાકીય પ્રક્રિયા પૂર્ણ કર્યા બાદ વૃદ્ધાને સોંપવામાં આવ્યા હતા.

પરિવારજનો થયા ભાવુક પરિવારજનોએ જણાવ્યું કે, દાદી માનસિક અસ્વસ્થતાને કારણે અવારનવાર કોઈને કહ્યા વગર નીકળી જાય છે. સખી સેન્ટરની ટીમે પરિવારને દાદીની ખાસ કાળજી રાખવા અને તેમને એકલા ન છોડવા સમજણ આપી હતી. પોતાના સ્વજનને હેમખેમ પરત મેળવતા પરિવારજનો ભાવુક થઈ ગયા હતા અને તેમણે સખી વન સ્ટોપ સેન્ટર તેમજ ૧૮૧ હેલ્પલાઈનનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો.

#### ખંભોળજ પોલીસ દ્વારા માનસિક અસ્થિર વૃદ્ધાનું પરિવાર સાથે મિલન કરાયું

ખંભોળજ પોલીસ, શી ટીમ અને સ્થાનિક સામાજિક જૂથોએ સંયુક્ત રીતે ગણતરીના કલાકોમાં એક અજાણ્યા માનસિક અસ્થિર વૃદ્ધાને શોધી કાઢી તેઓને હેમખેમ પરિવારને સોંપ્યાં હતાં. આ ભગીરથ કાર્યમાં ‘સુખ દુઃખના સાથી મિત્રો’ અને ‘મેટર કિંગ બન્ના ગ્રુપ’ ના સભ્યોએ પોલીસ સ્ટાફ સાથે મળીને સરાહનીય સહયોગ આપ્યો હતો. નોંધનીય છે કે આ વૃદ્ધ મહિલા પાંચ દિવસ પહેલા પણ ગુમ થયા હતા, ત્યારે પણ આ જ ગ્રુપના સપોર્ટથી તેમને પરિવારને સુરક્ષિત સોંપવામાં આવ્યા હતા. પોલીસ અને સામાજિક કાર્યકરોની આ માનવીય કામગીરી બદલ વૃદ્ધાના પરિવારજનોએ અને પોલીસ સ્ટાફે તમામ સહયોગીઓનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો.આ સમયે લાગણીસભર દ્રશ્યો સર્જાયાં હતાં.


ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

આણંદ, વિદ્યાનગર, કરમસદ તેમજ નડિયાદ ખાતે ગુજરાતમિત્ર અખબાર મેળવવા માટે તેમજ આપની કોપી નિયમિત રીતે ચાલુ કરવા માટે સંપર્ક કરો.

| આણંદ | નડિયાદ |
| --- | --- |
| જય એન્ટરપ્રાઈઝ કિશોર પ્લાઝા, આણંદ. | ઈશાન ન્યુઝ પેપર એજન્સી સાગર ભુવન, ડભાણ ભાગોળ, નડિયાદ |

**કોપી ચાલુ કરવા માટે સંપર્ક કરો**
મો. 99250 30225, મો. 99255 50225